# બી.જે.મેડીકલ કોલેજ,

## સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

### જાહેરાત

બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૨૦–૨૧માં શરૂ થનાર ૩૩મા લેબૉરેટરી ટેકનીશીયન તથા એક્સ–રે ટેકનીશીયનના કોર્ષ માટે એક વર્ષના તાલીમ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષણીક લાયકાત તથા યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી તા.૨૬/૧૧/૨૦૨૦ થી તા.૦૫/૧૨/૨૦૨૦ સુધીમાં આ કચેરીને મળી જાય તે રીતે અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ મુલાકાત માટે પસંદગી સમિતિ સમક્ષ સ્વખર્ચે આવવાનું રહેશે. વ્યકિતગત કોલ લેટર મોકલવામાં આવશે નહી.

પ્રવેશ માટેના ઈન્ટરવ્યુ લેબૉરેટરી ટેકનીશીયન માટે તા.૧૭/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે તથા એક્સ–રે ટેકનીશીયન માટે તા.૧૮/૧૨/૨૦૨૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે બી.જે.મેડીકલ કોલેજના ઑડીટોરીયમ હોલ ખાતે રાખવામાં આવેલ છે.

| કોર્ષનું નામ | શૈક્ષણિક લાયકાત | તાલીમાર્થીની સંખ્યા |
|---|---|---|
| (અ) મેડીકલ લેબૉરેટરી ટેકનીશીયન | બી.એસ.સી. (માઇક્રોબાયોલોજી/બાયોકેમેસ્ટ્રી/કેમેસ્ટ્રી/બાયોટેકનોલોજી પ્રથમ પસંદગી) | ૬૨ |
| (બ) એક્સ–રે ટેકનીશીયન | બી.એસ.સી. (ફીઝીક્સ વિષયને પ્રથમ પસંદગી) | ૩૧ |

અરજદારની ઉંમર તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જોઇએ. અનામત વર્ગના ઉમેદવારો માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે તથા વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

આ તાલીમ કોર્ષ માટેની અરજી વેબસાઇટ પર મુકવામાં આવેલ નિયત નમુનાના અરજી ફોર્મમાં કરવાની રહેશે. અરજી ઉપર તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ જમણી બાજુએ ચોંટાડવાનો રહેશે. તા.૦૫/૧૨/૨૦૨૦ના રોજ સાંજના ૫.૦૦ કલાક બાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી તેમજ અધુરી વિગતોવાળી અરજીઓ રદબાતલ ગણાશે.

અરજી પત્રક સાથે એચ.એસ.સી.ના તમામ પ્રયત્નોની માર્કશીટ (આગળ પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટિફિકેટ, બી.એસ.સી.ના ફર્સ્ટ થી ફાઇનલના તમામ વર્ષની/સેમીસ્ટરની તમામ પ્રયત્નોની માર્કશીટ(આગળ પાછળની ઝેરોક્ષ), ટ્રાયલ સર્ટિફિકેટ, બી.એસ.સી.નું પાસીંગ પ્રમાણપત્ર તેમજ જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સરકારશ્રી દ્વારા માન્ય કરેલ સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ તથા સા.શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તેમજ EWS નો લાભ લેવા ઇચ્છુક ઉમેદવારોએ આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર તેમજ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ચાલુ વર્ષના આવકના પ્રમાણપત્રની નકલ અવશ્ય જોડવાની રહેશે. ઇન્ટરવ્યુ ના દિવસે ઉમેદવારોએ તમામ અસલ પ્રમાણપત્રો સાથે રૂબરૂમાં હાજર રહેવું.

સરકારશ્રી દ્વારા આ સીટોમાં વધઘટ થાય તે મુજબ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલા સુધારા વધારા દરેક ઉમેદવારોને બંધન કર્તા રહેશે.

**www.bjmc.org** આ વેબસાઇટ પરથી જરૂરી માહિતી તથા અરજીનો નમુનો મેળવી લેવાનો રહેશે.

–સહી–
ડીન
બી.જે.મેડીકલ કોલેજ,અમદાવાદ